સિનિયર આઈએએસ અધિકારી સી. વી. સોમે

મચ્છી બનાવવાની ના પાડનાર રોજમદારને 'ગેટઆઉટ' કહી દીધું

રૂપાણીના રાજમાં નાના કર્મચારીઓ પર અત્યાચાર થતો હોવાની ફરિયાદ : ૩ વર્ષથી બેકાર બની ગયેલા રોજમદારો અને તેના પરિવારની હાલત કફોડી બની

ગાંધીનગર, તા. ૧૪

રાજ્ય નાગરિક પુરવઠા નિગમના સિનિયર આઈએએસ અધિકારી સી.વી. સોમે સત્તાના નશામાં પોતાના જ બંગલા પર કામ કરતા વર્ગ-૪ના બે શાકાહારી રોજમદારોને 'મચ્છી બનાવી ન આપવા' જેવી નજીવી બાબતે ગાળો બોલી હડધૂત કરી ૩ વર્ષ અગાઉ નોકરીમાંથી કાઢી મુક્યા હતા. છેલ્લા ત્રણ વર્ષથી કોઈપણ પ્રકારની લેખિત સૂચના વગર આ બે રોજમદારોને કાઢી મુકતા બન્ને રોજમદારો બેકાર બની જતા આર્થિક રીતે અત્યંત તુટી ગયા છે. આથી રોજમદારો જીવનનિર્વાહ માટે ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે.

ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ.ના કર્મચારી ધૂળજી ડુગરશી કડાઉઆ અને મીઠાભાઈ રામજીભાઈ રબારીની લેખિત રજુઆત પ્રમાણે ધૂળજીભાઈ કડાઉઆ અને મીઠાભાઈ રબારી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ.ના કર્મચારી છે. વર્ષ ૧૯૮૦માં નિગમમાં જોડાયા હતા. આ બન્ને કર્મચારી પ્રોવીડન્ડ ફંડ ટ્રસ્ટમાં વર્ષ ૧૯૮૭માં સભ્યપદ મેળવ્યુ છે.

અંશકાલીન સ્વીપર તેમજ રોજમદાર તરીકે વહીવટી પ્રતિ નિયુક્તિથી નોકરી ઉપર જોડાયા હતા.

ધૂળજીભાઈ અને મીઠાભાઈ રબારીની વર્ષ ૨૦૧૫માં રાજ્ય નાગરિક પુરવઠા નિગમના સિનિયર આઈ.એ.એસ. અધિકારી સી.વી. સોમના બંગલા પર બદલી કરી નોકરી પર મુકવામાં આવ્યા હતા. ગત ૧૦-૬-૨૦૧૫ના રોજ સી.વી. સોમ પોતાના બંગલા પર કેટલીક જીવતી માછલી લઈ આવ્યા હતા. સી.વી. સોમે પોતાની સાહેબગીરીમાં રોજમદારને બોલાવી પોતે લાવેલી જીવતી માછલી પકડાવી તેને સાફ સફાઈ કરી મચ્છી બનાવવાની કડક શબ્દોમાં સૂચના આપી હતી. પરંતુ ધાર્મિક પ્રવૃત્તિ ધરાવતા અને માંસ, મટન, મચ્છી ન ખાતા રોજમદારે બે હાથ જોડી મચ્છી સાફ કરી બનાવી આપવાની ના પાડી હતી. સાહેબની સૂચનાનું પાલન ન થતા ધૂહાપુહા થઈ સી.વી. સોમ ગુસ્સામાં બન્ને રોજમદારને મા-બેન સામી ગાળો બોલી હડધૂત કરી મૌખિક સૂચનાથી નોકરીમાંથી કાડી મુક્યા હતા. ગુસ્સે ભરાયેલા સી.વી. સોમે પોતાની સિક્યુરીટીને પણ આ બન્ને રોજમદારોને નોકરી સ્થળે ન આવવા દેવા કડક સૂચના આપી દિધી હતી. વારંવાર રોજમદારો નોકરી સ્થળે જતા હતા પરંતુ છેલ્લા ત્રણ વર્ષથી આ રોજમદારોને નોકરી પર હાજર થવા દેવામાં આવતા નથી.

૩ વર્ષથી બેકાર બની આર્થિક તંગી ભોગવી રહેલા આ બન્ને રોજમદારે સીજીએમ જે.કે. ભટ્ટ અને જનરલ મેનેજર અંજારીયાને નોકરી માટેની રજૂઆત કરી હતી પરંતુ આ બન્ને અધિકારીઓ જ આ અરજદારો પાસે લેખિતમાં રાજીનામુ માંગી રહ્યા છે તેવી ફરિયાદ પણ અરજદારો કરી રહ્યા છે.

અરજદારો છેલ્લા ત્રણ વર્ષથી આર્થિક રીતે તુટી દેવામાં ડુબી ગયા છે. પરિણામે બન્નેની પરિસ્થિતિ દયનિય બની છે.

બન્નેની નોકરી છીનવાઈ જતા બેકાર બની બેઠેલા અરજદારોનું કહેવું એવું પણ છે કે અધિકારીઓની આ પ્રકારની કનડગતથી અમારે પરિવાર સાથે ઝેરી દવા ગટગટાવી લેવી પડશે. સિનિયર આઈએએસ અધિકારી સી.વી. સોમે પોતાને મળેલી સરકારી સત્તાનો ગેરકાયદેસર રીતે દૂર ઉપયોગ કરીને ખોટી રીતે કોઈપણ જાતના વાજબી કારણ વગર બન્ને અરજદારોને નોકરીમાંથી કોઈપણ જાતના લેખિત હુકમ વગર ૩ વર્ષથી કાઢી મુકવામાં આવ્યા છે. ભારે પરેશાની અને આર્થિક ભીંસમાં આવી ગયેલા આ અરજદારોએ અંતે મુખ્યમંત્રી, નાગરિક પુરવઠામંત્રી સહિતના મુખ્ય સચિવ અને પુરવઠા વિભાગના અન્ય ઉચ્ચકક્ષાના અધિકારીઓને લેખિતમાં અરજી કરી ન્યાયની માંગણી કરી રહ્યા છે.

શામળાજી ચાર રસ્તા સર્વોદય આશ્રમ નજીક આરો પ્લાન્ટ સાથેની પાણી પરબ ઉદ્ઘાટનની રાહ જોઈ રહી છે

સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી ચાર રસ્તા પર અમદવાદ-ઉદેપુર નેશનલ હાઈવે પર આવેલા સર્વોદય આશ્રમ નજીક ૫ વર્ષ અગાઉ રસ્તે નીકળતા મુસાફરો અને વાહનચાલકો અને નજીકમાં અભ્યાસ કરતા બાળકો માટે ભર બપોરે બળ બળતા ઉનાળામાં પીવાના પાણીની તરસ છીપાવવા માટે અને તરસ્યાને પાણી મળી રહે તે માટે આરો પ્લાન્ટ સાથે મિનરલ અને ઠંડુ પાણી સાથે સજ્જ કરી પાણીની પરબ બનાવવામાં આવી હતી. પરંતુ અગમ્ય કારણોસર પાણીના પરબનું ઉદ્ઘાટન ઘોંચમાં પડતા રાહદારીઓને લાખ્ખો રૂપિયાના ખર્ચે બનાવેલ પાણીની પરબની સુવિધાથી વંચિત રહેવું પડતા લોકોમાં પાણીના પરબનું લોકાર્પણ કરવામાં આવે તેવી લોક માંગણી પ્રબળ બની છે.

પાલનપુર પંથકમાંથી રોયલ્ટી ચોરી કરતા બે ઓવરલોડ ટર્બો ટ્રક ઝડપાયા

બનાસકાંઠા જિલ્લામાં રોયલ્ટી ચોરી અને ઓવરલોડ વાહનોની હેરાફેરી સામે તંત્રએ

તવાઈ હાથ ધરી છે. ત્યારે પાલનપુરના મામલતદાર અને સર્કલ ઓફિસર પ્ણ સપાટો બોલાવતા ૨ ટર્બો ટ્રક ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જિલ્લામાં રોયલ્ટી ચોરી કરતા ઓવરલોડ વાહનો સામે વ્યાપક ફરિયાદો ઉઠી છે. ત્યારે ખાણખનીજ વિભાગની ઘોર લાપરવાહી વચ્ચે ખુદ જિલ્લા કલેક્ટરએ લાલ આંખ કરી છે. ત્યારે પાલનપુર પંથકમાં થી પણ રોયલ્ટી ચોરી કરતા બે ઓવરલોડ ટર્બો ઝડપાયા હતા.

ધનિયાણા ચોકડી અને એરોમા સર્કલથી ઝડપાયેલા બન્ને ટર્બો ટ્રક કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ હતી. રોયલ્ટી ચોરી અને ઓવરલોડ વાહનોની વ્યાપક ફરિયાદો વચ્ચે પાલનપુર ખાણખનીજ વિભાગ ઘોર નિદ્રામાં પોઢી રહ્યું છે. ત્યારે

ખાણખનીજ વિભાગની કામગિરી મામલતદાર અને સર્કલ ઓફિસર દ્વારા કરાઈ હતી. છેલ્લા બે દિવસમાં ચાર ટર્બો ટ્રક ઝડપાતા ભૂમાફીયાઓમાં પણ ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

સાબરડેરીની ચૂંટણીનો વિવાદ : ૧૬ માર્ચની મુદત પડી

હિંમતનગર, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ (સાબરડેરી)ના નિયામક મંડળની ચૂંટણી આગામી દિવસોમાં યોજાનાર છે ત્યારે તે અંગે બે ગામડાઓની ડેરીઓના ચેરમેનોએ હાઈકોર્ટમાં રીટ કરી હતી. જે અંગેની સુનાવણી મંગળવારે હાથ ધરાવાની હતી. પરંતુ ગમે તે કારણસર ન્યાયાધિશે આ કેસની વધુ સુનાવણી આગામી તા. ૧૬ માર્ચના રોજ થશે તેવી જાહેરાત કરીને મુદત પાડી દીધી હતી.

આ અંગેની વિગત એવી છે કે સાબરડેરીના નિયામક મંડળની ૧૬ ડીરેક્ટરોની ચૂંટણી કરવા માટે ચૂંટણી અધિકારીએ જાહેરનામુ બહાર પાડી ઉમેદવારીપત્રો ભરાવી દીધા છે. પરંતુ તેમાં બે ડેરીઓના ચેરમેને કેટલાક મુદ્દાઓને લઈને હાઈકોર્ટમાં થોડા દિવસ અગાઉ કરેલી રીટ બાદ હાઈકોર્ટના ન્યાયાધિશ બેલાબેન ત્રિવેદીએ સાબરડેરીનું ચૂંટણીની કાર્યવાહી પર મનાઈ હુકમ આપ્યો હતો. જે અંગેની વધુ સુનાવણી તા. ૧૩ માર્ચના રોજ થનાર હતી. પરંતુ ન્યાયાધીશે ગમે તે કારણસર આ કેસની સુનાવણી કરવા માટે આગામી તા. ૧૬ માર્ચ નિર્ધારીત કરતા હવે સાબરડેરીની ચૂંટણીના મુદ્દે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં અનેક નવા સમીકરણો રચાવા માંડ્યા છે.

આંગણવાડી કાર્યકર તેડાઘર બહેનોને કામગીરી બદલ માતા યશોદા એવોર્ડ

પ્રાંતિજ, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યોજાયેલ મહિલા અને

બાળ વિકાસ વિભાગ દ્વારા આઈસીડીએસની આંગણવાડી કાર્યકર તથા તેડાઘર બહેનોને તેમણી ઉત્સુક કામગીરી બદલ માતા યશોદા એવોર્ડ આપવામાં આવ્યો.

પ્રાંતિજના ઇન્દિરાનગર કેન્દ્રના કાર્યકર સુધાબેન આર. સોનીને તેડાઘરને વર્ષ-૨૦૧૫-૧૬ માટે સારી કામગીરી બદલ એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેસગપુરા આંગણવાડી કેન્દ્રના રાવલ હિનાબેન નિતિનભાઈને પણ તેમની કામગીરીને બીરદાવીને તેવોને પણ એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. ગ્રામ્ય વિસ્તારમાં આવેલ નિકોળીયા આંગણવાડીના કાર્યકર સંગીતાબેન શાહને પણ તેડાઘર એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા. સલાલ ખાતે આવેલ આંગણવાડીના પટેલ મિન્ટુબેનને પણ એવોર્ડ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યાં. આ પ્રસંગે જિલ્લા વહીવટી અધિકારી, સીડીપીઓ દક્ષાબેન, સુપરવાઈઝર સોનલબેન સહિત જિલ્લા વહિવટી વિભાગ તથા બાળવિકાસ વિભાગના અધિકારીઓ સહિતના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

પ્રાંતિજ ચિત્રિણી નર્સીંગ કોલેજ એન્ડ સ્કૂલ ખાતે શપથવિધી સમારોહ

સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લઈને વિદ્યાર્થીઓએ આવનાર મહેમાનો તથા પ્રેક્ષકોના દિલ જીતી લીધા

પ્રાંતિજ, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલ્વે સ્ટેશન જુનાબાકલપુર પાસે આવેલા જ્ઞાનયોગ

એજયુકેશન એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓ પૈકી ચિત્રિણી નર્સીંગ કોલેજ ખાતે આવેલા કેમ્પસમાં ઓથટેકીગ સેરેમની શપથ ગ્રહણ સમારોહ યોજાયો હતો. જેમાં નર્સીંગ કોલેજના વિદ્યાર્થીઓએ શપથ લીધાં હતા.

પ્રાંતિજ ચિત્રિણી નર્સીંગ કોલેજ ખાતે નર્સીંગ કોલેજના વિદ્યાર્થીઓ વિદ્યાર્થીનીઓનો ઓથટેકીગ સેરેમની શપથગ્રહણ સમારોહ યોજાયો હતો. જેમાં સીવીલસર્જન ડાં. જયંત એમ. ઉપેરીયા, આર.એમ.ઓ. ડાં. રમેશભાઈ પરીખ, મેનેજિંગ ટ્રસ્ટી એ.કે. પટેલ, કોલેજ સંચાલક નૃપાંશ એ. પટેલ, પ્રિન્સીપાલ નરેન્દ્રભાઈ શર્મા સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુકયો હતો. જયારે આવનાર મહેમાનોનું પુષ્પકુંજ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું અને આવેલ મહેમાનો દ્વારા વિધાર્થીઓને કેન્ડલ સેરેમની શપથ લેવડાવામાં આવ્યા હતા. વિધાર્થીઓએ શપથ લઈને નિષ્ઠાપૂર્વક ફરજ અદા કરવાના શપથ લીધા હતા. તો ડાન્સ, ગરબા, ગીત વગેરે સાંસ્કૃતિક કાર્યક્રમો ભાગ લઈને વિદ્યાર્થીઓએ આવનાર મહેમાનો તથા વાલી પ્રેક્ષકોના દિલ પણ જીતી લીધા હતા.

ઈલોલમાં કોટનના ગોડાઉનમાં આગ લાગતા નુકશાન

હિંમતનગર, તા. ૧૪

હિંમતનગર તાલુકાના ઈલોલ ગામે આવેલ કોટનના એક ગોડાઉનમાં મંગળવારે અગમ્ય કારણોસર આગ લાગતા અંદાજે ૧૦૦૦ થી વધુ બોરી કપાસનો ખોળ બળી ગયો હતો. જેથી ગોઉનના માલિકોને નુકશાન થયુ છે.

આ અંગે હિંમતનગર ફાયરબ્રિગેડના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ઈલોલ ગામે આવેલ ફર્મા કોટન ઈન્ડસ્ટ્રીઝમાં બપોરના સુમારે અચાનક આગ લાગતા તે અંગે હિંમતનગર ફાયરબ્રિગેડને જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ બે ફાયર ફાઈટરો તથા ફાયરબ્રીગેડના જવાનોએ તાબડતોબ પાણીની ટેન્કરો સાથે ઈલોલ પહોંચી ગયા હતા.

ત્યારબાદ ફર્મા કોટન ઈન્ડસ્ટ્રીઝના ગોડાઉનમાં લાગેલી આગ બુઝાવવા માટે પાણીનો મારો ચલાવી બે કલાકની જહેમત બાદ આગ પર કાબુ મેળવી લેવાયો હતો. જોકે આગ લાગવાને કારણે ગોડાઉનમાં રખાયેલ અંદાજે ૧૦૦૦થી વધુ કપાસીયા ખોળની બોરીઓ બળીને ખાખ થઈ ગઈ હતી. જેના કારણે કોટન ઈન્ડસ્ટ્રીઝના માલિકોને નુકશાન થયું છે.

મોડાસામાં ઓધારી મંદિર ખાતે ગુરૂવારે હીંગળાજ માતાજી જન્મ જયંતિ મહોત્સવ ઉજવાશે

મોડાસા નગરમાં ભાવસાર સમાજની કુળદેવી શ્રી હિંગળાજ માતાજીની જન્મ જયંતિ મહોત્સવ આગામી ૧૫-૩-૧૮ને ગુરૂવારે ઓધારી મંદિર ખાતે ભવ્ય રીતે ઉજવાશે.

સંધાર ટેકનોલોજીસ લિમિટેડનો આઈપીઓ ૧૯ માર્ચે ખુલશે

સંધાર ટેકનોલોજીસ લિમિટેડ (''કંપની'' અથવા ''ઇશ્યૂઅર'')એ ૧૯ માર્ચ, ૨૦૧૮ને સોમવારના રોજ રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ઇક્વિટી શેરનો આઇપીઓ (ઇનિશિયલ પબ્લિક ઓફર) લાવવાની દરખાસ્ત રજૂ કરી છે. જેમાં કુલ રૂ. ૩,૦૦૦ મિલિયનના નવા શેર (''ફ્રેશ ઇશ્યૂ'') તથા જીટીઆઈ કેપિટલ બીટા પ્રાઇવેટ લિમિટેડનાં ૬,૪૦૦,૦૦૦ ઇક્વિટી શેરનાં વેચાણની ઓફર (''ઓફર ફોર સેલ'') સામેલ છે, જે ફ્રેશ ઇશ્યૂ સાથે સંયુક્તપણે છે. (''ઓફર'') કહેવાય છે.

બિડ/ઓફરનો ગાળો ૨૧ માર્ચ, ૨૦૧૮ને બુધવારે બંધ થશે. સીક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (ઇશ્યૂ ઓફ કેપિટલ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટસ) રેગ્યુલેશન્સ, ૨૦૦૯, જેમાં સમયે સમયે થયેલા સુધારા મુજબ (''સેબી આઇસીડીઆર રેગ્યુલેશન્સ'')ને અનુરૂપ કંપની અને વિક્રેતા શેરધારક બુક રનિંગ લીડ મેનેજર્સ સાથે ચર્ચા કરીને એન્કર ઈન્વેસ્ટર્સની સહભાગીદારીનો વિચાર કરી શકે છે. એન્કર ઇન્વેસ્ટર્સ બિડ/ઓફરનો ગાળો બિડ/ઇશ્યૂ ખુલ્યાની તારીખનાં કામકાજનાં એક દિવસ અગાઉ રહેશે.

બિડ્સ લઘુત્તમ ૪૫ ઇક્વિટી શેર માટે અને પછી ૪૫ ઇક્વિટી શેરનાં ગુણાંકમાં થઈ શકશે. માર્ચ ૨૦૧૮નાં રોજ પ્રસ્તુત રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (''આરએચપી'') મારફતે ઓફર થયેલા ઇક્વિટી શેરનું લિસ્ટિંગ બીએસઇ અને એનએસઇ પર થશે. લીડ મેનેજર્સ (''બીઆરએલએમ'') આઇસીઆઇસીઆઇ સીક્યોરિટીઝ લિમિટેડ અને એક્સિસ કેપિટલ લિમિટેડ છે.

બંધન બેંક લિમિટેડનો આઈપીઓ ૧૫ માર્ચ, ૨૦૧૮નાં રોજ ખુલશે અને ૧૯ માર્ચ, ૨૦૧૮ના રોજ બંધ થશે

બંધન બેંક લિમિટેડ (''કંપની'' અથવા ''ઇશ્યુઅર'')એ ૧૯,૨૮૦,૪૯૪ ઇક્વિટી શેરનો આઇપીઓ ૧૫ માર્ચ, ૨૦૧૮નાં રોજ લાવવી દરખાસ્ત રજૂ કરી છે, જેમાં ૯૭,૬૬૩,૯૧૦ ફ્રેશ ઇક્વિટી શેર તથા આઇપીએસીના ૧૪,૦૫૦,૭૮૦ ઇક્વિટી શેર અને આઇએફસી ફિંગના ૭,૫૬૫,૮૦૪ ઇક્વિટી શેર (સંયુક્તપણે ''વિક્રેતા શેરધારકો'' અને શેરધારકોએ ઓફર કરેલા આ પ્રકારનાં ઇક્વિટી શેર ''ઓફર શેર'')ની વેચાણની ઓફર (''ઓફર ફોર સેલ'') સામેલ છે.

બિડ/ઇશ્યૂ ૧૯ માર્ચ, ૨૦૧૮ને સોમવારે બંધ થશે. ઓફરની પ્રાઇઝ બેન્ડ ઇક્વિટી શેરદીઠ રૂ. ૩૭૦થી રૂ. ૩૭૫ નક્કી થઈ છે. બિડ્સ લઘુત્તમ ૪૦ ઇક્વિટી શેરનાં લોટમાં અને પછી ૪૦ ઇક્વિટી શેરનાં ગુણાંકમાં થઈ શકશે. ઇક્વિટી શેરની ઓફર ૭ માર્ચ, ૨૦૧૮નાં રોજ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (''આરએચપી'') મારફતે થઈ છે. ઇક્વિટી શેર બીએસઈ અને એનએસઇ પર લિસ્ટિંગ થવાની દરખાસ્ત છે.

ઓફરના બુક રનિંગ લીડ મેનેજર્સ (''બીઆરએલએમ'') કોટક મહિન્દ્રા કેપિટલ કંપની લિમિટેડ, એક્સિસ કેપિટલ લિમિટેડ, ગોલ્ડમેન સાક્સ (ઇન્ડિયા) સીક્યોરિટીઝ પ્રાઇવેટ લિમિટેડ, જેએમ ફાઇનાન્સિયલ લિમિટેડ અને જે.પી. મોર્ગન ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ છે. ઇશ્યૂનાં રજિસ્ટ્રાર કાર્વી કમ્પ્યુટરશેર પ્રાઇવેટ લિમિટેડ છે. સીક્યોરિટીઝ કોન્ટ્રાક્ટસ (રેગ્યુલેશન) રૂલ્સ ૧૯૫૭ના નિયમ ૧૯(૨)(બી), જેમાં સમયે સમયે સુધારા મુજબ (''એસસીઆરઆર'') મુજબ ઓર કરવામાં આવી છે.

કલંકિત ઘટના

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગુજરાતીઓનું માથું શરમથી ઝુકી ગયુ હતુ. આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાત પડયા હતા ને વિધાનસભા અધ્યક્ષે કોંગ્રેસના ધારાસભ્ય પ્રતાપ દુધાતને સમગ્ર સત્ર માટે સસ્પેન્ડ કરી દીધા હતા. તો, કોંગી ધારાસભ્ય વિક્રમ માડમને એક દિવસ માટે સસ્પેન્ડ કર્યા હતા. બીજીબાજુ, લોકશાહીને કલંકિત કરતી ઘટના બાદ બંને પક્ષના ધારાસભ્યો પોતપોતાનો બચાવ કરતાં જોવા મળ્યા હતા, જો કે, પ્રજાને એક પણ પક્ષનો બચાવ કે તર્ક ગળે ઉતર્યો ન હતો. ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે પ્રશ્નોત્તરી કાળ દરમ્યાન કોંગ્રેસના ધારાસભ્ય વિક્રમ માડમે પોતાને બોલવા દેવાની તક આપવામાં આવતી નહી હોવાનો ગંભીર આક્ષેપ કરી હોબાળો મચાવ્યો હતો. આ હોબાળો ધીરેધીરે ક્યારે આટલું ગંભીર અને ઉગ્ર સ્વરૂપ ધારણ કરી ગયો તેનો કોઈને ખ્યાલ જ ના રહ્યો. થોડીવારમાં તો વાત એટલી હદે વણસી ગઈ કે, ભાજપ અને કોંગ્રેસના ધારાસભ્યો સામસામે આવી ગયા હતા અને એકબીજાને અભદ્ર શબ્દ-ભાષાનો પ્રયોગ કરતાં રીતસરના બાખડયા હતા. આ હોબાળામાં કોંગી ધારાસભ્યો વિક્રમ માડમ, અમરીષ ડેર અને પ્રતાપ દુધાત એકદમ સક્રિય જણાતા હતા તો, ભાજપમાં જગદીશ પંચાલ, હર્ષ સંઘવી સહિતના ધારાસભ્યો જોરદાર પ્રતિકાર કરી રહ્યા હતા. એટલામાં તો, એક તબક્કે ભાજપના કોઈ ધારાસભ્ય તરફથી કરાયેલી ગંભીર ટિખ્ખળ અને કોમેન્ટને લઈ કોંગ્રેસના ધારાસભ્ય પ્રતાપ દુધાત એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને તેઓ માઈક તોડીને સીધા ભાજપના ધારાસભ્ય જગદીશ પંચાલ તરફ ધસી ગયા હતા અને તેમને માઈક મારી દીધુ હતું. જો કે, પંચાલ એકદમ ખસી જતાં તેમનો આ હુમલામાં આબાદ બચાવ થયો હતો. જો કે, ત્યારબાદ તો, ગૃહમાં ભયંકર શોરબકોર, હોબાળા અને હંગામાના કારણે ગૃહની કાર્યવાહી ખોરવાઈ ગઈ હતી. લોકશાહી પ્રણાલિ અને ગુજરાતની અસ્મિતાના લીરેલીરા ઉડાડતાં દ્રશ્યો સર્જાયા હતા. બાદમાં વિધાનસભા અધ્યક્ષે સમગ્ર મામલાની ગંભીરતા ધ્યાને લઈ કોંગ્રેસના ધારાસભ્ય પ્રતાપ દુધાતને સમગ્ર સત્ર માટે અને વિક્રમ માડમને આજના દિવસ માટે સસ્પેન્ડ કરી દીધા હતા.

મહાન વૈજ્ઞાનિક

● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્ટીફન હોકિંગ એક અસામાન્ય બિમારીથી ગ્રસ્ત હતા. આ બિમારીના કારણે તેમના શરીરના જુદા જુદા અંગોએ ધીમે ધીમે કામ કરવાનુ બંધ કરી દીધુ હતુ. હોકિંગ જ્યારે ઓક્સફોર્ડમાં ફાઈનલ વર્ષમાં અભ્યાસ કરી રહ્યા હતા ત્યારે તેમને સીઢી ચઢવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો. ધીમે ધીમે આ સમસ્યા એટલી હદ સુધી વધી હતી કે તેમને બોલવામાં પણ તકલીફ પડતી હતી. એએલએસ નામની બિમારીના કારણે દર્દીનુ મોત થઈ જાય છે. સ્ટીફનને ૨૧ વર્ષની વયે આ બિમારી થઈ ગઈ હતી. એ વખતે તબીબોએ કહ્યુ હતુ કે સ્ટીફન હોકિંગ બે વર્ષથી વધારે સમય સુધી જીવી શકશે નહી. તેમનુ વહેલી તકે અવસાન થઈ જશે. દુનિયાભરમાં લોકપ્રિય રહેલા ભૌતિકશાસ્ત્રના નિષ્ણાત પ્રોફેસર સ્ટિફન હોકિંગને બ્લેકહોલ્સ પર તેમની શોધ માટે ઓળખવામાં આવે છે. ૮મી જાન્યુઆરી ૧૯૪૨ના દિવસે સ્ટિફન હોકિંગનો જન્મ થયો હતો. બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન તેમનો જન્મ થયો હતો. તેમના પુસ્તકો સૌથી વધારે વેચાતા પુસ્તકોમાં રહ્યા છે. તેમના કોસ્મોલોજી પરના પુસ્તકની એક કરોડ નકલ વેચાઈ હતી. તમામ જાણકાર લોકો માને છે કે, તેમનામાં અદભુત શક્તિ હતી. અસામાન્ય બિમારી હોવા છતાં સ્ટિફન હોકિંગ્સ વ્હીલચેર મારફતે તમામ મુવ કરી શકતા હતા. તેમના ઉપર આધારિત ફિલ્મ પણ બની ચુકી છે. ૨૦૧૪માં સ્ટિફન હોકિંગ્સની લાઈફ ઉપર આધારિત ફિલ્મ દ થિયરી ઓફ એવરીથિંગ રજૂ કરવામાં આવી હતી. પ્રોફેસર સ્ટિફન હોકિંગ્સે ૧૯૬૫માં પ્રોપર્ટીઝ ઓફ એક્સપેન્ડિંગ યુનિવર્સેસ વિષય પર પીએચડી કરી હતી. રસપ્રદ બાબત એ છે કે, સ્ટિફન ગણિતમાં નિષ્ણાત બનવા ઈચ્છુક હતા પરંતુ તેમના પિતાએ મેડિકલ સાથે જોડાવવા કહ્યું હતું.

પછડાટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતો. ગોરખપુરમાંથી ૧૦ અને ફુલપુરમાંથી ૨૨ ઉમેદવારોના ભાવિનો ફેસલો થઈ રહ્યો છે. ભાજપે ફુલપુરમાંથી કૌશલેન્દ્રસિંહ પટેલ અને ગોરખપુરમાંથી ઉપેન્દ્ર દત્ત શુકલાને મેદાનમાં ઉતાર્યા હતા. જ્યારે સમાજવાદી પાર્ટીએ પ્રવિણ નીસાદ અને નગેન્દ્ર પ્રતાપસિંહને મેદાનમાં ઉતાર્યા હતા. ગોરખપુર સંસદીય બેઠકમાં ૯૭૦ મતદાન સેન્ટરો ઉભા કરવામાં આવ્યા હતા. ૨૧૪૧ મતદાન મથકો પર મતદારો મોટી સંખ્યામાં મતાધિકારનો ઉપયોગ કરવા માટે પહોંચ્યા હતા. ઉત્તરપ્રદેશના ફુલપુરમાં ૯૯૩ પોલીંગ સેન્ટરો અને ૨૦૫૯ મતદાન મથકો બનાવવામાં આવ્યા હતા. ફુલપુર સંસદીય મતવિસ્તારમાં ૧૯૬૧ લાખ મતદારો અને ગોરખપુરમાં ૧૯.૪૯ લાખ મતદારો નોંધાયા હતા.

ડેમેજ કંટ્રોલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમણે એમ પણ જણાવ્યું હતુ કે અગાઉ ચાર સ્થાનોની પસંદગી વખતે તે ગ્રામજનોના વિરોધને ધ્યાને રાખી વાત કરી પણ ગ્રામજનોએ ન નમતુ જોખતાં તે સ્થળ બદલાયા છે. જ્યારે પેથાપુરને વિશ્વાસમાં લેવામાં આવ્યુ નથી અને નેતાઓએ જાહેરમાં આપેલ ખાતરીનું પાલન નહિ કરી તંત્ર શું સ્થાપિત કરવા માંગે છે.

તેમણે એવી પણ રજુઆત કરી હતી કે પેથાપુરે ૧૨૦૦ એકર જેટલી જમીન પાટનગરની રચનામાં ગુમાવી છે એ વાત ભુલવી ના જોઈએ.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટર સતીષ પટેલ, કમિશ્નર ડી.એન. મોદી, ચીફ ઓફિસર વલેરા, નગરપતિ રણજીતસિંહ વાઘેલા, હિતેન્દ્ર પટેલ સહિતના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

જો કે આ બેઠક અનિર્ણિત રહેવા પામી હતી અને ગુરૂવારે હવે બપોરના મહેસુલમંત્રી તેમજ રાજ્યના મુખ્યમંત્રી અને પેથાપુરના આગેવાનો વચ્ચે બેઠક થશે તેમ જાણવા મળેલ છે.

દરમ્યાન ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા પણ આજે પેથાપુર પહોંચ્યા હતા અન તેમણે સૌની લાગણીને ધ્યાને રાખી સત્તાવાળાઓએ યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ તેવો મત વ્યક્ત કર્યો હતો.

વિધાનસભામાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હેઠળ કેટલા એકમોની અરજી મળી અને કેટલા એકમોને ચુકવણુ કરવામાં આવ્યુ? દહેગામના ધારાસભ્યના પ્રશ્નના ઉત્તરમાં ઉદ્યોગમંત્રીએ આપેલા જવાબમાં જણાંવ્યા મુજબ બે વર્ષમાં ૪૬૧ એકમોની અરજી મળી છે. જયારે ૪૩૪ એકમોને ચુકવણુ કરવામાં આવ્યુ છે. જયારે નરોડાના ધારાસભ્ય બલરામ થાવાણીએ ગુણવત્તા સુધારણા સહાય અંગે રજુ કરલા પ્રશ્નના ઉત્તરમાં પણ તેમણે જણાંવ્યુ હતુ કે જિલ્લામાં બે વર્ષમાં ૩૧ એકમોની અરજી મળી છે. જયારે ૨૬ એકમોને સહાયની ચુકવણી કરવામાં આવી છે.